"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Anjar-Bhuj)
(M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

રેફ : એ.જી.ટી.ટી.એ/૨૦૨૩-૨૦૨૪/પરિપત્ર/૧૪ તા.૩૧-૧૨-૨૦૨૩

**<u>અગત્યની જાણકારી તેમજ નમ્ર અપીલ</u>**

પ્રતિ,
સર્વ એસોસીએશન જોગ,
સર્વ સભાસદ ભાઈઓ,
સર્વ ભુતપુર્વ પ્રમુખશ્રી જોગ.

**<u>વિષય : ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩માં "હિટ એન્ડ રન" હેઠળ કાયદાની નવી જોગવાઈ અંગે</u>**

સુજ્ઞ સભ્યશ્રી,

સવિનય જણાવવાનું કે તા.૨૫-૧૨-૨૦૨૩ના રોજ ભારતના રાજપત્રના નવી જોગવાઈઓ જે પ્રદર્શિત થઈ તે અંગે ખાસ કરીને આપણાં ડ્રાઈવરભાઈઓમાં એક ભીતી અને ગેરસમજ પ્રવર્તી છે.

જો કે આ બાબતે તા.૨૭-૧૨-૨૦૨૩ના રોજ દિલ્હીથી "ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ એસોસીએશન" દ્વારા માન.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી તેમજ માન.ગૃહપ્રધાન અમીતભાઈ શાહજીને સમજ અંગે અને દેશના ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં પ્રવર્તતી અનિશ્ચિતતા અને આશંકા અંગે રજુઆત કરી છે તેમજ ચોખવટની માંગણી કરેલ છે. આ સાથે આપણી સંસ્થાએ પણ જુદા જુદા વિભાગો તેમજ કાયદાના નિષ્ણાંતો સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ આપ સૌને જાણવા તેમજ સમજવા માટે નીચેના મુદ્દાઓ આપના વિસ્તારમાં તેમજ આપની સાથે સંકળાયેલા ડ્રાઈવરભાઈઓને સમજાવવા મોકલીએ છીએ.

૧. **આપની જાણ ખાતર આપણી સંસ્થાએ કે ભારતમાં નેશનલ કે સ્થાનિક કોઈપણ એસોસીએશનને ચક્કાજામ કે બંધનું એલાન આ વિષયે કરેલ નથી.**

૨. આપની જાણ ખાતર **કલમ ૩૦૪ (એ) હેઠળ** પહેલા પણ દંડ અને બે (૨) વર્ષ સુધીની સજાની જોગવાઈ હતી જે નવી જોગવાઈ પ્રમાણે દંડ તેમજ પાંચ (૫) વર્ષ સુધીની જોગવાઈ કરવામાં આવેલ છે અને તેમાં નવા સેકશનનો વધારો એમ કરવામાં આવ્યો છે કે જો કોઈપણ અકસ્માતમાં જો મૃત્યુ થાય અને ડ્રાઈવર ગાડી સાથે ભાગી જાય તો તેનો "હિટ એન્ડ રન" કાયદા હેઠળ સમાવેશ થાય અને તેમાં દંડ તેમજ દસ (૧૦) વર્ષ સુધીની સજાની જોગવાઈ કરેલ છે. આમા આપણે એ પણ સમજવું જરૂરી છે કે આ કાયદો માત્ર ટ્રક ડ્રાઈવરોને જ નહી પણ તમામ પ્રકારના વાહન ચાલકો-ડ્રાઈવરોને લાગું પડે છે. જેથી કરીને કોઈપણ જાતના અકસ્માતમાં કોઈપણ પ્રકારના વાહન ચાલકે ભાગી ન જતાં નજીકના પોલીસ સ્ટેશન, કોર્ટ કે મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થઈ અકસ્માતની વિગત જણાવીને સ્વરક્ષણ મેળવવું જેથી કરીને તે "હિટ એન્ડ રન"ની વ્યાખ્યામાં ન આવે અને નવી જોગવાઈઓ લાગું ન પડે. આ ઉપરાંત શહેરી કે અન્ય વિસ્તારમાં અકસ્માતની ઘટનામાં કોઈપણ જાતની બીક વગર ઘાયલ વ્યકિતઓને હોસ્પિટલ કે પ્રાથમિક આરોગ્ય સેવા કેન્દ્રમાં પહોંચાડવાની મદદ કરેલ હશે તો પણ તેને "હિટ એન્ડ રન" જોગવાઈ લાગું પડશે નહી.

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Anjar-Bhuj)
(M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---



૩. કદાચ ડ્રાઈવરભાઈઓમાં આ વિષયે કોઈ ગેરસમજ હશે પણ આપણે સમજવું અને સમજાવવા અર્થે એ જાણવું જરૂરી છે કે ઉપરોક્ત જોગવાઈ માત્રને માત્ર "હિટ એન્ડ રન" કેસમાં લાગું પડે છે અને તે અર્થે "હિટ એન્ડ રન"ની વ્યાખ્યા જાણવી અને સમજવી બહું જરૂરી છે. તદ્ઉપરાંત અમો સમજ્યા પ્રમાણે "હિટ એન્ડ રન" કેસીસમાં પણ આ જોગવાઈ માત્ર ફેટલ કેસમાં લાગું પડે છે, કે જ્યાં અકસ્માત બાદ ગાડી સાથે ચાલક ભાગી ગયો હોય.

૪. વધારામાં અમે એવું પણ સમજ્યા છીએ કે અકસ્માત સ્થળે અકસ્માત બાદ જો ગાડી ચાલી શકે તેમ ના હોય અને ગાડી અકસ્માત સ્થળ ઉપર જ પડેલ હોય તો પણ તેવા અકસ્માતોનો "હિટ એન્ડ રન"માં સમાવેશ થાય નહી.

૫. ઉપરોક્ત કાયદામાં કોઈપણ જગ્યાએ દંડના રકમની ચોખવટ નથી અને ઘણાં બધા સમાચાર પત્રોમાં ૫-૭ લાખ રૂપિયા સુધીના જે આંકડાઓ આવે છે તેની પૃષ્ટિ મળતી નથી.

ઉપરોક્ત દરેક વસ્તુની કાયદાકીય પૃષ્ટિ મેળવ્યા બાદ આપણી સંસ્થાએ તેમજ ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ એસોસીએશન દ્વારા સરકારને રજુઆત કરવામાં આવી છે કે ઉપરોક્ત કાયદાની ચોખવટ થવી જોઈએ અને ખાસ કરીને આપણાં વ્યવસાયના અવિભાજ્ય અંગ એવા ડ્રાઈવરભાઈઓની આશંકા દુર કરવા આપણને સહકાર આપવો જોઈએ. આ ઉપરાંત કોઈપણ અકસ્માતમાં ડ્રાઈવર અકસ્માતની જવાબદારીથી બચવા ભાગતો નથી પણ અકસ્માતના આજુબાજુના વિસ્તારના ટોળા તેમજ સ્થાનિક નિવાસીઓ દ્વારા મારવા, ગાડીને નુકશાન પહોંચાડવા તેમજ ગાડીમાં ભરેલ માલની લુંટફાટના ડરથી ભાગી જાય છે.

આ સાથે આપ સૌને અમારી નમ્ર અપીલ છે કે આ વિષય અંગે સમજ લઈ આપણા ડ્રાઈવરભાઈઓને ઉપરોક્ત સમજણ આપવી જોઈએ અને સાથે સાથે એમ પણ સમજાવવું જોઈએ કે કોઈપણ અકસ્માત થતાં તેઓએ નજીકના પોલીસ સ્ટેશને પહોંચી અકસ્માતની વિગત જણાવી સ્વરક્ષણ મેળવવું જેથી કરીને અનઈચ્છનિય ઘટના "હિટ એન્ડ રન"ની વ્યાખ્યામાં ન આવે.

આ સાથે આપણે સરકાર સમક્ષ એવી પણ રજુઆત કરી છે કે અકસ્માતના ઈન્વેસ્ટીગેશનના પ્રોટોકોલમાં જે કોઈ ખામીઓ છે તેને દુર કરવી જોઈએ અને ડ્રાઈવર તેમજ ગાડી અને માલને સુરક્ષા મળે તેવું ખાત્રીપૂર્વકનું આયોજન કરવું જોઈએ.

**આપ સૌને વિનંતી છે કે આપના વિસ્તારમાં ટ્રાન્સપોર્ટરો-ગાડીમાલીકો-ડ્રાઈવરભાઈઓ સાથે ઉપરોક્ત બાબતે વિચાર વિમર્શ કરવો, સમજણ આપવી અને ખાસ કરીને કોઈપણ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા બગડે નહી તેનું ખાસ ધ્યાન રાખવું.**

આપ કોઈને પણ આ વિષયે કોઈ મુદ્દા કે કોઈ ચોખવટ મળે તો તુરંત સંસ્થાના કાર્યાલયમાં સંપર્ક કરવો.

આપના સહકારની અપેક્ષા સહ.

આપના વિશ્વાસુ,

વાસણભાઈ જી. આહીર
(પ્રમુખ)

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદેવ
(માનદમંત્રી)